# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-01-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## લખપતમાં સાયક્લોથોન

**સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ CISF દ્વારા આજે સવારે દરિયાકાંઠાની સાયક્લોથોનની બીજી આવૃત્તિ 'વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે નવી દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા આ સાયક્લોથોનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. CISF ની બે ટીમો પૈકી એક ટીમ પશ્ચિમ ભારતમાં ઐતિહાસિક લખપત કિલ્લા થી અને બીજી ટીમ પૂર્વ ભારતના બંગાળના બખાલીથી પોતાની સફરનો પ્રારંભ કરશે.**

**લખપત ખાતેના કાર્યક્રમમાં કુલ 65 સાયકલ સવારોએ સક્રિયપણે ભાગ લીધો હતો. ફ્લેગ-ઓફ સમારોહ બાદ લખપત ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક નૃત્ય કરજૂ કરાયૂ હતું. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, લખપત ગામના સરપંચ એસ. એ. ખલીફા, બીએસએફના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.**

**'વંદે માતરમ'ના 150 વર્ષની પૂર્ણાહુતિની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ સાયક્લોથોન આગામી મહિનાની 22 તારીખ સુધી એમ કુલ 25 દિવસ ચાલશે. 'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત'ની થીમ પર આધારિત સાયક્લોથોનની ટીમો અંદાજે 6,500 કિલોમીટરનું અંતર કાપીને કેરળના કોચીન ખાતે આ પ્રવાસ પૂર્ણ કરશે. આ અભિયાનમાં 65 મહિલાઓ સહિત કુલ 148 CISF જવાનો ભાગ લઈ રહ્યા છે.**

**---------------------------------------------------------------------------------------**

## અનુ. જાતિ પેટા યોજના અને તકેદારી સમિતિની બેઠક

કલેક્ટર કચેરી ભુજ ખાતે ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના અધ્યક્ષસ્થાને અનુસૂચિત જાતિ પેટા યોજના અને તકેદારી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ થયેલા ખર્ચની સમીક્ષા તથા વિવિધ યોજના હેઠળ લાભાન્વિત લાભાર્થીઓનું સમવર્તી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા માટેની રૂ.૪૧૭૪.૦૩ લાખની જોગવાઇ સામે મળેલી રૂ.૩૨૭૮.૩૬ લાખની ગ્રાન્ટમાંથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં રૂ.૨૫૭૨.૯૫ લાખનો ખર્ચ થયો હોવાની માહિતી બેઠકમાં રજૂ કરાઇ હતી

ધારાસભ્યશ્રીએ ફાળવાયેલી રકમનો ઉપયોગ માત્ર લક્ષિત લાભાર્થીઓ માટે થાય અને અત્યાચારના કિસ્સામાં પીડિતોને ઝડપી ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી હતી. નિવાસી અધિક કલેક્ટર ડી.પી. ચૌહાણે ગ્રાન્ટનો સમયમર્યાદામાં મહત્તમ વપરાશ કરવા માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં નાગરિક હક્ક સંરક્ષણ, અત્યાચાર નિવારણ અને મેન્યુઅલ સ્કેવેન્જર્સ જેવા મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સમિતિના સભ્યોએ યોજનાકીય લાભો ઝડપથી મળે તે માટે રજૂઆત કરી હતી. બેઠકમાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પુરુષોત્તમ મારવાડા સહિત વિવિધ સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## <u>કચ્છમાં રવિ પાકનું વાવેતર</u>

કચ્છમાં અત્યાર સુધી **1** લાખ **95** હજાર **363** હેકટરમાં રવિ પાકનું વાવેતર થયું છે. ઠંડીની સીઝન વચ્ચે ખેડુતોએ રવીપાકના વાવેતરમાં ધ્યાન કેન્દ્રીત કરી વિક્રમજનક વાવેતર કર્યું છે. ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં ઘઉં, ચણા, રાઇ, શેરડી, જીરૂં, ધાણા અજમો, લસણ, ઇસબગુલ, શાકજીભાઇ અને ઘાસાચારા સહિતના પાકોનું વાવેતર કરાયું છે. જિલ્લામાં સૌથી વધુ જીરાનું **62** હજાર **205** હેકટરમાં વાવેતર કરાયું છે. આ સિવાય અન્ય પાકોની વાત કરીએ તો રાઇનુ **37, 994** હેકટરમાં, ઘઉંનું **37** હજાર **969** હેકટરમાં, ચણાનું **1** હજાર **345** હેકટરમાં, ધાણાનું **2** હજાર **163** હેકટરમાં, ઘાસચારાનું **27**હજાર **510** હેકટરમાં વાવેતર કરાયું છે. સૌથી ઓછું ડુંગળીનું **36** હેકટરમાં વાવેતર થયુ છે. તાલુકાવાર આંકડા જોઇએ તો સૌથી વધુ ભચાઉ

**તાલુકામાં 30 હજાર 165 હેકટરમાં અને સૌથી ઓછું ગાંધીધામ તાલુકામાં 330 હેકટરમાં વાવેતર થયું છે.**

**-------------------------------------------------------------------------------**

## કચ્છ યુનિવર્સિટીમાં પ્રો ગ્રામ

**કચ્છ યુનિવર્સિટીના આર્ટસ ફેકલ્ટી અને KCG-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી ૨ ફેબ્રુઆરીથી ૮ ફેબ્રુઆરી દરમિયાન એડવાન્સ્ડ પેડાગોજીસ એન્ડ રિસર્ચસ મેથડ્સ ઇન આર્ટસ વિષય પર  ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું છે. નેશનલ એજ્યુકેશન પોલીસી-2020 અંતર્ગત શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અને સંશોધનને પ્રોત્સાહન આપવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં આર્ટસના ૧૫ વિષયોના આશરે ૪૦ પ્રાધ્યાપકો ભાગ લઇ રહ્યા છે.**

**-------------------------------------------------------------------------------**

## માંડવીમાં પુસ્તક મેળો

**રોટરી ક્લબ ઓફ, માંડવી અને વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ, માંડવીના સંયુકત ઉપક્રમે રોટરી હોલ,  માંડવી ખાતે 30 અને 31 જાન્યુઆરએ પુસ્તક મેળો યોજાશે. આ પુસ્તક મેળામાં   શૈક્ષણિક, બાળસાહિત્ય, નવલકથાઓ, આરોગ્ય, પ્રવાસન, પ્રેરણાદાયી, મેનેજમેન્ટ, ધાર્મિક વિગેરે વિષયોનાં ઉપયોગી પુસ્તકો 40ટકા વળતરથી મળશે.**

**-------------------------------------------------------------------------------**

## પોલીસ દ્વારા સીસીટીવી માલિકોનું સન્માન

**પૂર્વ કચ્છ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલ સેફ કચ્છ ઇસ્ટ કેમ્પેઇન અંતર્ગત અંજાર અને આદિપુર વિસ્તારમાં થયેલી બે મોટી ઘરફોડ ચોરીના ગુનાઓ ઉકેલવામાં સીસીટીવી કેમેરા નિર્ણાયક સાબિત થયા છે. આ સફળતા બદલ પ્રજાસત્તાક દિન નિમિત્તે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર દ્વારા પોલીસ ટીમ અને સહયોગ આપનાર 11 ખાનગી સીસીટીવી**

**માલિકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસને ફૂટ આપી મદદ કરનારાઓને પ્રશંસાપત્ર આપી સન્માન કરાયુ હતું.**

**------------------------------------------------------------------------------------------------**